# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૨/૦૫/૨૦૧૭ થી તા.૦૪/૦૬/૨૦૧૭

## પ્રેસનોટ – (૧)

**ચાલુ વાહને માલ વાહક વાહનની તાડપત્રી કાપી કિમતિ માલ-સામાન ની ચોરી કરતિ ગેડિયા ગેગના સાગરીતોને ઓરીઝનલ મુદ્દામાલ સાથે ઝડપિ પડતિ  એલ.સી.બી,અમદાવાદ ગ્રામ્ય**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લા માંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ ઉપરથી પસાર થતા માલ વાહક વાહનની તાડપત્રી કાપી ટ્રકમાંના કિમતિ માલ સામાનની ચોરીના જીલ્લામાં નોધાયેલ બનાવોની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી, પો.ઇન્સ. શ્રી જે.એમ. ચુડાસમા અને એલ.સી.બી. ટીમને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ સબ ઇન્સપેક્ટર શ્રી.એસ.એન. રામાણી અને શ્રી.આઇ.એમ. ઝાલા નાઓના નેતૃત્વ હેઠળ બે અલગ-અલગ ટીમો બનાવી આ પ્રકારની એમ.ઓ.થી ગુન્હા આચરતિ ગેગ સંબધે માહિતિ એકઠી કરી ગુન્હા શોધવા કવાયત હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોક્કસ બાતમી આધારે સુરેન્દ્રનગર- વિરમગામ હાઇવે રોડ ઉપર થોરી ગામ નજીક નર્મદા કેનાલ ઉપર વોચ ગોઠવી ભારે જહેમતથી ચાર ઇસમોને ગુન્હામાં સંડોવાયેલ ઇનોવા કાર સહિત રૂ. ૩,૧૭,૮૭૫/- ના મુદ્દામાલ સાથે ઝડપિ પાડેલ

### ગેડિયા ગેગના ચાર સાગરીતો ઝડપાયા

(૧) રામલો ઉર્ફે રામદાસ સ/ઓ ગગજીભાઇ વાલજીભાઇ કો.પટેલ ઉ.વ. ૨૩ રહે. ભરવાડ વાસ, થોરી-થાંભા તા. વીરમગામ

(૨) અમજદખાન ઉર્ફે આમદખાન સ/ઓ મઝુદખાન કાળુખાન મલેક ઉ.વ. ૩૪ રહે. વીરમગામ, રાજુનગર (મદિનાબેનના મકાનમાં) મૂળગામ જોલવાડ તા. થરાદ જી.બ.કા.

(૩) ભાચો ઉર્ફે જીલાની સ/ઓ મયુદિન ઇસ્માઇલભાઇ કુરેશી ઉ.વ. ૩૨ રહે. કસ્બામાં, કાસમપુરા, વિરમગામ, મૂળગામ વઢવાણ જી. સુરેન્દ્રનગર

(૪) મોહમંદ સોહિલ મહેબુબભાઇ ખોખર ઉ.વ. ૨૭ રહે. કાસમપુરા કસ્બામાં, વિરમગામ

ઉકત ઇસમોના કબ્જા ભોગવટાની ઇનોવા નંબર જી.જે.૦૨, આર. ૯૭૬૭ માંથી પ્લાસ્ટિકના કેરબા નંગ-૩માં ડિઝલ ૧૨૫ લીટર કી.રૂ. ૭૮૭૫/- તથા સેમસંગ કંપીનીનુ એલ.ઇ.ડી. ટી.વી નંગ-૧, કી.રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૭,૮૭૫/- નો મુદ્દામાલ મળી આવેલ જે સંબધે કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહિ કે તેના માલીકિ આધાર-પુરાવા રજુ કરી શકેલ નહિ જેથી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા પોતાના અન્ય સાગરીતો સાથે મળી ચાલુ વાહનની તાડપત્રી કાપી ચાલુ વાહને

કિમતી માલ સમાન, તેલ-ઘી ના ડબ્બા, એરંડા, જીરૂ ના કટ્ટા વિગેરેની ચોરીઓ કરેલાની કેફીયત આપેલ

## બે ડઝન થી વધુ ગુન્હાનો ભેદ ઉકેલાયો

ઉકત ઇસમોએ છેલ્લા બે માસ દરમ્યાન વિરમગામ- ધાગંધ્રા રોડ, વિરમગામ- સુરેન્દ્રનગર રોડ, વિરમગામ–બહેચરાજી રોડ, માલવણ- દસાડા રોડ, મહેસાણા- સમી - હારીજ રોડ,બાવળા- બગોદરા રોડ, સરખેજ- વિરમગામ રોડ ઉપર ૨૧ થી વધુ ગુન્હા આચરેલાની કેફીયત આપેલ જેમાં અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં- ૦૬, મહેસાણા જીલ્લામાં -૦૬, સુરેન્દ્ર નગર જીલ્લામાં -૦૬, પાટણ જીલ્લામાં- ૩ ગુન્હાનો સમાવેશ થાય છે તે પૈકિ હાલ સુધિ બે ગુન્હા નોધાયેલાની હકિકત પ્રાપ્ત થયેલ છે.

## ગુન્હાનો આચરવાની પધ્ધતિ

આરોપીઓ ઇનોવા અથવા સ્કોર્પીયો ગાડિ લઇને નિકળતા અને સાથે મહેન્દ્ર પીક-અપ ડાલુ સાથે રાખતા જેમાં ઇનોવા- સ્કોર્પીયો વાહન થી રોડ પસાર થતા માલ વાહક વાહનો પીછો કરી ચાલુ વાહને બોનેટ ઉપર થઇ માલ વાહક વાહનમાં બે ઇસમો ચઢી જતા અને એક ઇસમ ઇનોવા- સ્કોર્પીયો ના બોનેટ ઉપર ઉભો રહેતો માલ વાહક ટ્રકમાંના ઇસમો તાડપત્રી કાપી તેમના કિમતિ માલ સામાનના પાર્સલ, અનાજ ના કટ્ટા, તેલના ડબ્બા વિગેરે બોનેટ ઉપર ઉભા રહેલ ઇસમને પાસ કરતા જે ઇસમ ગાડિમાં રહેલ અન્ય ઇસમોને પાસ કરતો અને ગાડિમાના ઇસમો ગાડિમાં વ્યવસ્થિત માલ સામન ગોઠવી ચાલુ વાહને ગુન્હાને અંજામ આપી સાથે રહેલ ડાલામાં માલ-સામાન ટ્રાન્સફર કરી બીજા શીકારની શોધમાં નીકળતા અને મુખ્યત્વે મોડી રાતનો સમય પસંદ કરતા



# પ્રેસનોટ – (૨)

**ગે.કા. પરપ્રાતિય દારૂની લકઝરીયર્સ વાહનમાં હેરાફેરી કરતા ચાર લબર મુછીયાને રૂ. ૨,૭૮,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય**

કડક નશાબંધીની અમલવારીના ભાગરૂપે જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ આપેલ ખાસ સૂચના અન્વયે એલ.સીબી. પો.ઇ.શ્રી જે.એમ. ચુડાસમા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી એસ.એન.રામાણી, શ્રી. આઇ.એમ.ઝાલા અને એલ.સી.બી. ટીમે ચોકકસ બાતમી આધારે સાંણદ – નળસરોવર રોડ ઉપર વીછીયા ગામની સીમ, પેટ્રોલ પમ્પ નજીક વોચ ગોઠવી સીલ્વર કલરની એસેન્ટ ગાડિ ન. જી.જે.૦૧, એચ.આર.૨૬૩૦ માં ભારતિય બનાવટના પરપ્રાંતિય દારૂના જથ્થાની હેરાફેરી કરતા કુલ-૪ ઇસમોને રૂ. ૨,૭૮,૮૦૦/-ના મુદ્દામાલના સાથે ભારે જહેમતથી ઝડપી પાડેલ

**રૂ. ૭૪,૮૦૦/-ના દારૂના જથ્થા સાથે લબર મૂછીયા ઝડપાયા**

(૧) રાકેશકુમાર બાબુલાલ પંચાલ ઉ.વ. ૨૮ રહે. એફ-૩/૪૦૦, સતગુરૂ ફ્લેટ, નિકોલ, અમદાવાદ
(૨) મિહિર દિનેશભાઇ સીતાપરા, ઉ.વ. ૨૬ રહે. ભરવાડિ દરવાજા, વિરમગામ
(૩) ચિરાગ બંસીલાલ બારોટ, ઉ.વ. ૨૭ રહે. બી-૨૨૭, ખોડીયાર નગર, જીવરાજ પાર્ક, અમદાવાદ
(૪) નિલેશ જયંતિલાલ પંચાલ, રહે.એ-૩૦૧, રાજહંસ ફ્લેટ, ડી માર્ટ પાછળ,નીકોલ, અમદાવાદ

ઉપરોકત ઇસમોના કબ્જા ભોગવટાની સીલ્વર કલરની એસેન્ટ ગાડિ ન. જી.જે.૦૧, એચ.આર.૨૬૩૦ માં ગાડિની ડેકી તથા પાછળના શીટે પગ રાખવાની જગ્યાએ સંતાડેલ પરપ્રાંતિય દારૂની બોટલો ભરેલ પૂઠાના બોકસ તથા છૂટા નંગ જેમાં સેવન સેસ એક્સટ્રા ડ્રાય જીન ૭૫૦ મી.લી બોટલ નંગ- ૭૨, ઇમ્પેક્ટ ગ્રેઇન વ્હિસ્કિ, ૧૮૦ મી.લી ની બોટલો-૨૬૮, એપીસોડ ક્લાસીક વ્હિસ્કિ, ૧૮૦ મી.લી ની બોટલો-૧૯૨ મળી કુલ રૂ. કી.રૂ. ૭૪,૮૦૦/-, નો જથ્થો મળી આવેલ જે દારૂનો જથ્થો તથા મો.ફોન-૫ કી.રૂ. ૪૦૦૦/- તથા એસેન્ટ ગાડિ ન. જી.જે.૦૧, એચ.આર.૨૬૩૦ કી.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ. ૨,૭૮,૮૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

અત્રે નોધનિય છે કે કડક નશાબંધી ધારાના અમલ બાદ ગુન્હેગારો નીત નવી તરકીબ અજમાવી પોલીસની આંખમાં ધુળ નાખવાનો પ્રયાસ કરે છે. પસ્તૃત કેશમાં પોલીસની ચકોર નજર માંથી છટકવા લકઝરીયર્સ કારનો ઉપયોગ કરી પેસેન્જરનો દેખાવ ઉભો કરી દારૂની હેરાફેરી કરવાનો નીષ્ફળ પ્રયાસ કરેલ છે.






# પ્રેસનોટ – (૩)

**" રૂ.૫૦૦ તથા રૂ.૧૦૦૦ ના દરની કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- સાથે સનાથલ સર્કલથી બે ઇસમોની ધરપકડ કરતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય"**

ભારત સરકાર દ્વારા સને.૨૦૧૬ ના વર્ષમાં જુની રૂ.૫૦૦/- તથા રૂ.૧૦૦૦/- રૂપીયાની ચલણી નોટો ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ અને તેની જગ્યાએ સરકારશ્રી દ્વારા રૂ.૫૦૦/- તથા રૂ.૨૦૦૦/- નવી ચલણી નોટો બહાર પાડવામાં આવેલ અને આ જુની ચલણી નોટો બેંકોમાં જમા કરાવવા સરકાર શ્રી દ્વારા સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ અને તે સમય મર્યાદા પુર્ણ થઇ ગયેલ હોય તેમ છતાં રોજ બરોજ પ્રતિબંધિત ચલણી નોટો તથા નવી ફેક કરન્સી નોટોની બજારમાં હેરાફેરી થઇ રહેલ છે જેના હિસાબે ભારત દેશના અર્થતંત્ર ઉપર તેની માઠી અસર થાય છે અને તાજેતરમાં અમરેલી, રાજકોટ, ભાવનગર ખાતે જુની તથા નવી ફેક કરન્સી મોટા પ્રમાણમાં પકડાયેલ છે જેથી જીલ્લા પોલીસ અધિ.શ્રી આર.વી.અસારી સાહેબ અમદાવાદ ગ્રામ્ય નાઓએ એસ.ઓ.જી. પો.સબ.ઇન્સ. શ્રી વી.એમ.કોલાદરા નાઓને આ બાબતે કામગીરી કરવા તથા વોચ તપાસમાં રહેવા સુચના તથા માર્ગદર્શન આપેલ જેઓની સીધી દેખરેખ હેઠળ એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૭ ના રોજ એસ.ઓ.જી. કામગીરી દરમ્યાન મળેલ આધારભુત ખાનગી માહિતી આધારે સનાથલ સર્કલ પાસે વોચ તપાસમાં હતાં તે દરમ્યાન એક હોન્ડા અમેઝ ગાડીમાંથી બે માણસો હાથમાં ખાખી પુંઠાના બોક્ષ સાથે નીચે ઉતરેલ જેથી તેઓ ઉપર શક વહેમ જતાં તેઓને કોર્ડન કરી પકડવા જતાં અમેઝ કાર ભાગી ગયેલ અને બે ઇસમો ને પકડી પાડેલ જે (૧) શાંતીભાઇ ભાનુભાઇ ચુડાસમા રહે. ૧૧૦, ધર્મભુમી સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા અમદાવાદ તથા (૨) હબીબભાઇ અબ્રાહિમભાઇ સમા રહે. ૩, રાહિલપાર્ક કેનાલ પહેલા ફતેહવાડી અમદાવાદ મુળ રહે. શાહપુર તા.વિરમગામ જી.અમદાવાદ વાળા પાસે રહેલ ખાખી પુંઠાના બોક્ષમાં તપાસ કરતાં સરકાર શ્રી દ્વારા બંધ કરવામાં આવેલ જુની કરન્સી ૫૦૦ તથા ૧૦૦૦ ના દરની જુની ચલણી નોટો મળી આવેલ જે બાબતે પુછપરછ કરતાં કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય જે જુની કરન્સી બહાર કાઢી ગણી જોતાં ૫૦૦ ના દરના બંડલ કુલ – ૬૨ જે એક બંડલમાં ૧૦૦ નોટો લેખે કુલ ૬૨૦૦ નોટો મળી આવેલ જે કુલ રૂ.૩૧,૦૦,૦૦૦/- તેમજ ૫૦૦/- ના દરની છુટી ૬૮ નોટો મળી કુલ રૂ. ૩૪૦૦૦/- જે ૫૦૦/- ના દરની કુલ નોટો ૬૨૬૮ જેની કુલ કિ. રૂ. ૩૧,૩૪,૦૦૦/- તથા ૧૦૦૦ ના દરના બંડલ કુલ – ૧૮ જે એક બંડલમાં ૧૦૦ નોટો લેખે કુલ ૧૮૦૦

નોટો મળી આવેલ જે કુલ રૂ.૧૮,૦૦,૦૦૦/- મળી આવેલ તેમજ ૧૦૦૦/- ના દરની છુટી ૫૯ નોટો મળી કુલ રૂ.૫૯૦૦૦/- જે ૧૦૦૦/- ના દરની કુલ નોટો ૧૮૫૯ જેની કુલ કિ. રૂ.૧૮,૫૯,૦૦૦/- આમ ૫૦૦ તથા ૧૦૦૦ ના દરની કુલ નોટો મળી ૮૧૨૭ કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- ના મુદામાલ સાથે પકડાઇ જતાં તેઓના વિરૂધ્ધમાં ચાંગોદર પો.સ્ટે. જાણવા જોગ રજી. કરાવવામાં આવેલ છે. અને આ પ્રતિબંધીત નોટો ક્યાંથી લાવેલ છે અને કોને આપવાની હતી તે બાબતે આગળની વધુ તપાસ એસ.ઓ.જી. શાખા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

| | |
|---|---|
| આરોપી :- (૧) શાંતીભાઇ ભાનુભાઇ ચુડાસમા રહે. ૧૧૦, ધર્મભુમી સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા અમદાવાદ તથા (૨) હબીબભાઇ અબ્રાહિમભાઇ સમા રહે. ૩, રાહિલપાર્ક કેનાલ પહેલા ફતેહવાડી અમદાવાદ મુળ રહે. શાહપુર તા.વિરમગામ જી.અમદાવાદ વાળા | **મળી આવેલ જુની કરન્સી**<br>૫૦૦ તથા ૧૦૦૦ ના દરની કુલ નોટો મળી ૮૧૨૭ કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- |

*આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી તથા એસ.ઓ.જી.ધ્વારા સદરી બે વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*